# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૪૩ તા.૦૫-૦૩-૧૮**

**(માન્ય શાળા પરિપત્ર નં.૫)**

**તમામ શાળાઓ માટે :-**

**વિષય :-દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા - ૨૦૧૮ બાબત**

આથી તમામ શાળાઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે મ્યુનિ. શાળાઓમાં દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૮ તા.૫-૪-૧૮ને ગુરૂવારથી શરૂ કરવામાં આવનાર છે. આ લેખિત પરીક્ષા પહેલાં શાળામાં અનૌપચારિક સતત મૂલ્યાંકન(પરિશિષ્ટ-અ) અને વ્યક્તિત્વ વિકાસ(પરિશિષ્ટ-બ)નું મૂલ્યાંકન વ્યવસ્થિત રીતે અને જવાબદારીપૂર્વક પૂર્ણ કરવાનું રહેશે.

પરિપત્ર નં.૫૪/તા.૮-૯-૧૧ અને પરિપત્ર નં.૨૬/તા.૨૩-૭-૧૨માં દર્શાવેલ વર્ષાન્તે કરવાનું મૂલ્યાંકન અને તેની વિગત મુજબ જે-તે વિષય અને ધોરણના શિક્ષકો પાસે આ કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ કરાવવાની જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે.

દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૮નો કાર્યક્રમ નીચે મુજબ છે તે મુજબ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ પર લખી તમામ વિદ્યાર્થીઓ પાસે તેની નોંધ લેવડાવશો તેમજ વાલીઓની સહી લેવડાવશો. પરીક્ષાનો કાર્યક્રમ સ્કૂલ બોર્ડની વેબસાઈટ (www.amcschoolboard.org) પર પણ મૂકવામાં આવેલ છે.

**દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૮નો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|
| ૫-૦૪-૧૮ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | માતૃભાષા |
| ૬-૦૪-૧૮ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | ગણિત |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | ગણિત |
| ૭-૦૪-૧૮ | શનિવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | પર્યાવરણ |
| ૯-૦૪-૧૮ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ | પ્રાદેશિક ભાષા |
| ૧૦-૦૪-૧૮ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | હિન્દી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | હિન્દી |
| ૧૧-૦૪-૧૮ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | પ્રાદેશિક ભાષા |
| ૧૨-૦૪-૧૮ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | ૧૦-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |

**અન્ય સૂચનાઓ**

(૧) **ધો.૬ થી ૮ના મુખ્ય વિષયો માટે સ્કૂલ બોર્ડ દ્વારા જવાબવહીઓ છપાવીને આપવાનો નિર્ણય કરવામાં આવેલ હોઈ તે જવાબવહીઓનો જ ઉપયોગ કરવાનો રહેશે. બાળકોએ જવાબવહીઓ બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના પ્રથમથી જ આપવી.**

(૨) પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ચાલતી ધો.૩ થી ૫ની શાળાઓને અલગથી પ્રજ્ઞા અભિગમના પ્રશ્નપત્રો આપવામાં આવશે જેની પરીક્ષા દ્વિતીય સત્રાંત પરીક્ષાના કાર્યક્રમમાં દર્શાવેલ તારીખ અને સમયે જ લેવાની રહેશે.

(૩) ધો.૩ થી ૫ ના તમામ વિષયો, ધો.૬ થી ૮ના સંસ્કૃત તથા ઈતર માધ્યમમાં ધો.૩ થી ૮ના પ્રાદેશિક ભાષાના જવાબો પ્રશ્નપત્રોમાં જ લખવાના રહેશે.

(૪) ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓના પ્રગતિપત્રકમાં નોંધ કરવાનું તથા જરૂરી અનૌપચારિક મૂલ્યાંકન કરી ગ્રેડીંગ કરવાનું કાર્ય આ સમયગાળા દરમ્યાન ચાલુ રાખવાનું રહેશે.

(૫) ધો.૧ અને ૨માં સતત મૂલ્યાંકન તેમજ ધો.૩ થી ૮માં વિષયોના ગુણભારનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી સર્જનાત્મક પ્રવૃત્તિઓ, કલા શિક્ષણ, સ.ઉ.ઉ.કાર્ય અંગે કરવાના થતા મૂલ્યાંકનને પૂર્ણ કરવું. પ્રગતિકાર્ડ, પરિશિષ્ટ-અ અને પરિશિષ્ટ-બ તેમજ પરિણામપત્રક કાળજીપૂર્વક તૈયાર કરવું.

(૬) વર્ષાન્તે ધો.૪માં હિન્દી અને અંગ્રેજી વિષયની લેખિત કસોટી ૪૦ ગુણની લેવાશે.ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસબોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.

(૭) પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા એવી રીતે ગોઠવવી કે જેથી એક જ ધોરણના વિદ્યાર્થીઓ પાસે-પાસે ન આવે. બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ ઓરડામાં કા.પા. પર કરવી.

(૮) પરીક્ષા દરમ્યાન દરરોજના નિરીક્ષણકાર્યની નિરીક્ષણપત્રકમાં ફાળવણી કરવી અને શિક્ષકને ફાળવેલ ઓરડાના નંબર સામે સહી લેવી.

પરીક્ષાના પ્રશ્નપત્રો મેળવવા માટેના કેન્દ્રો અને પરિણામપત્રકો ચેક કરાવવા અંગે હવે પછીથી પરિપત્ર કરી જાણ કરવામાં આવશે.

તા.૫-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં આધાર નોંધણી કામગીરી અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭માં મ્યુનિ. શાળાઓમાં આધાર નોંધણીના કેમ્પ રાખવામાં આવેલ. આધાર નોંધણી માટે આપની શાળામાં કેમ્પબેઈઝ કામગીરી દરમ્યાન જે એજન્સીઓના ઓપરેટર દ્વારા એકત્રીત કરાયેલ પુરાવાઓ આપની શાળામાં રહી ગયા હોય તો તાકીદે સીટી સેન્સસ ખાતુ,જમાલપુર મ્યુનિ. ગુજરાતી શા.નં.૪,છીપા કોમ્યુનીટી હોલની સામે,આસ્ટોડીયા ચકલા રોડ,અમદાવાદ-૦૧ ખાતે પહોંચતા કરવા જણાવવામાં આવે છે તથા ઉપરોકત બાબતે એજન્સીઓના પ્રતિનિધિઓ અથવા મ્યુનિ. કોર્પોરેશનના અધિકારી/કર્મચારી તપાસ કરવા આવે તો તેમને સાથ-સહકાર આપવો.**

**તા.૫-૩-૧૮**

**ડૉ. એલ. ડી. દેસાઈ**
**શાસનાધિકારી**